**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૯/૦૩/૨૦૧૧ ને શનિવાર ના રોજ બપોર ના ૧૪.૦૦ કલાકે મળેલ ૨૧૧ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી,<br>વડોદરા મહાનગર સેવા સદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૩) | કમિશ્નરશ્રી<br>વડોદરા મહાનગર સેવા સદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | પ્રવર નગર નિયોજકશ્રી<br>દક્ષિણ ગુજરાત પ્રાદેશિક કચેરી<br>મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય ના<br>પ્રતિનિધિ | : | સભ્યશ્રી |
| (૫) | સીટી એન્જીયરશ્રી,<br>વડોદરા મહાનગર સેવાસદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૬) | નાણાંકીય સલાહકારશ્રી,<br>શહેરી વિકાસઅને શહેરીગૃહ નિર્માણ વિભાગ<br>સચિવાલય,ગાંધીનગર. | : | એસોસીયેટ સભ્યશ્રી |
| (૭) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા.૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/ મિટિંગ/૪૧/૨૦૧૧, તા.૧૯/૦૨/૨૦૧૧ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૪૭):** સત્તામંડળની તા.૧૯/૦૨/૨૦૧૧ ની ૨૧૦ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા. ૧૯/૧૧/૨૦૧૦ ની ૨૦૯ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૯/૧૧/૨૦૧૦ ની ૨૦૯ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૪૮):** સત્તામંડળની તા.૦૯/૦૭/૨૦૧૦ ની ૨૦૮ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર.(૩) : સત્તામંડળનુ સને ૨૦૧૦-૧૧ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૧-૧૨ ના અંદાજપત્રને બહાલી આપવા બાબત.**

સત્તામંડળનુ સને ૨૦૧૦-૧૧ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૧-૨૦૧૨ નુ અંદાજપત્ર સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૦૪૯)</u>: સત્તામંડળના સને ૨૦૧૦-૧૧ ના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૧-૨૦૧૨ ના અંદાજપત્ર ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર ( ૪ ) : વુડા ધ્વારા કરવામાં આવનાર મોટા પ્રોજેકટો માટે કન્સલટન્સી એજન્સીની નીમણુંક કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા વિકાસના વિવિધ કામો કરવામાં આવે છે. જેમાં અત્યાર સુધી મુખ્યત્વે ગ્રામ પંચાયતો, ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ તથા અન્ય આવેલ રજુઆતોને ધ્યાને લઈ મુખ્યત્વે એપ્રોચ રોડના કામો કરેલ હતા. પરંતુ વુડા ધ્વારા હાલમાં ટી.પી. સ્કીમના અમલીકરણના ભાગ રૂપે ટી.પી. સ્કીમોના રોડની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વુડા વિસ્તારમાં શહેરને ફરતે રીંગ રોડ, જેવા મોટા પ્રોજેકટો તથા અન્ય મોટા પ્રોજેકટો પણ હાથ ધરવામાં આવનાર છે. આ બાબતને ધ્યાને લેતા અન્ય સરકારી સંસ્થાઓ જેવી કે વડોદરા મહાનગર સેવાસદન તથા ઔડામાં તપાસ કરતાં, આ સંસ્થાઓ ધ્વારા મોટા પ્રોજેકટો માટે કન્સલટન્સી એજન્સીઓ કે જેઓ પાસે કવોલીફાયડ એન્જીનીયરોનો સ્ટાફ હોય, તે એજન્સીઓની સેવાઓ લેવામાં આવે છે. જે મુજબ વુડામા કરવાના થતા રીંગ રોડના પ્રોજેકટ તથા અન્ય પ્રોજેકટ માટે કન્સલટન્સી એજન્સી નકકી કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડ બેઠક ૨૦૭ તા.૧૧/૬/૨૦૧૦ માં રજુ કરાતાં તેના ઠરાવ ક્રમાંક - ૨૦૧૦ મુજબ વુડા ધ્વારા ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર મોટા પ્રોજેકટોને ધ્યાને લેતા કન્સલટન્સી એજન્સીની નીમણુંક કરવાનુ નકકી થયેલ હતુ. જે મુજબ વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા કન્સલટન્સી એજન્સીઓની નીમણુંક કરેલ તે મુજબ તથા તેઓ ધ્વારા ધ્યાનમાં લીધેલ ટર્મસ ઓફ રેફરન્સ અને સ્કોપ ઓફ વર્કસ વિગેરેને ધ્યાને લઈ જાહેર અખબારોમાં નિવિદાઓ આપી ટેન્ડર ઓફરો મંગાવવામાં આવેલ હતી. જે અન્વયે કુલ આંઠ કન્સલટન્સી એજન્સી ધ્વારા તેઓની ઓફરો, ટેન્ડર જાહેરાતની શરત મુજબં મોકલાવેલ હતી.

પ્રાથમીક તબકકે આવેલ ભાવો જોતા સૌથી ઓછા ભાવો પ્લાનીંગ સોલ્યુશન, વડોદરાના, તે બાદ બીજા નંબરે સૌથી ઓછા ભાવ સેકોન, વડોદરાના, ત્રીજા નંબરે સૌથી ઓછા ભાવો જીઓ.ટેસ્ટ હાઉસ, વડોદરા, ચોથા નંબરે સૌથી ઓછા ભાવો રે ઈન્ફ્રાસ્ટ્રકચર, અમદાવાદ, પાંચમા નંબરે સૌથી ઓછા ભાવો વેપકોસના, છઠ્ઠાનંબરે સૌથી ઓછા ભાવ મલ્ટી મેન ટેક, અમદાવાદના, સાતમાં નબરે સૌથી ઓછા ભાવો વિશ્વકર્મ્રા, વડોદરાના તથા આંઠમાં નબરે સૌથી ઓછા એટલે કે સૌથી વધુ ભાવો મોનાર્ચ, પુના ધ્વારા આપેલ છે.

સદર મંગાવેલ ઓફરો મુજબ પ્રોજેકટ માટે સાઈટ સર્વેથી લઈને કામના સુપરવીઝન સાથે કામ પૂર્ણ થાય ત્યાંસુધીની કામગીરી માટે ભાવો મંગાવેલ હતા. પરંતુ આવેલ ઓફરો અને કન્સલટન્ટોનો અનુભવ જોતા ધણાખરા ઓફર આપનાર કન્સલટન્ટો - સર્વે કામ, ડીઝાઈન કામ, ડીટેઈલ ડ્રોંઈંગ વિગેરેમાં નિષ્ણાંત જણાય છે. જેથી ઓફર મુજબની તમામ કામગીરીના આવેલ સૌથી ઓછા ભાવ બજારમાં ચાલતા હાલના ભાવ કરતાં ખૂબજ ઓછા આવેલ છે. જેથી આ ભાવમાં ટેન્ડર મુજબની તમામ કામગીરી ગુણવત્તા સભર કરવી શકય જણાતી નથી, આ સંજોગોમાં, જો એકજ કન્સલટન્ટને આખા પ્રોજેકટની કામગીરી સોંપવામાં આવે, તેના કરતા આખા પ્રોજેકટના બે ભાગં કરી, સાઈટ સર્વેથી ટેન્ડરીંગ ઈવેલ્યુશન સુધી અને ત્યારબાદ કરવામાં આવનાર પ્રોજેકટના એકઝીકયુશનના સુપરવીઝનની કામગીરી અલગ કન્સલટન્ટશ્રીને સોંપવામાં આવે તો કામની ગુણવત્તા અને ઝડપમાં ફરક પડે તેમ જણાતા, અત્રે આવેલ કુલ આંઠ ઓફરો પૈકી પાંચ ઓફરોના કન્સલટન્ટો ધ્વારા તેઓની ઓફરો તબકકાવાર પ્રમાણે એટલે કે સાઈટ સર્વેથી લઈને ટેન્ડરની પ્રક્રીયા સુધી તથા ત્યારબાદની પી.એમ.સી.ની કામગીરી માટેના અલગ અલગ તબકકાવારના ભાવો પણ આપેલ હોવાથી બે કન્સલટન્ટોની પેનલ બનાવી કામગીરી કરાવવાનુ નકકી થયેલ હતુ.

ઉપરોકત વિગતો જોતા સૌથી ઓછા ભાવ આપનાર બે કન્સલટન્સીઓ પ્લાનીંગ સોલ્યુશન વડોદરા તથા સેકોન પ્રા.લી., વડોદરાને અત્રેની કચેરીમાં નેગોશીએસન અર્થે બોલાવેલ હતા. વુડા ધ્વારા મંગાવેલ ટેન્ડર ઓફરો રૂા.૧૦૦/- કરોડ કે તેથી વધુના પ્રોજેકટ માટે મંગાવેલ હતી. પરંતુ વુડા ધ્વારા ટી.પી. સ્કીમના પ્રોજેકટો કે જે રૂા.૮/- કરોડ કે તેની આસપાસના પણ હોય છે . તેથી નાના કામો પણ કરાવી શકીએ તે માટે

બન્ને કન્સલટન્ટશ્રીઓ પાસેથી નેગોસીએશન કરાવી તેઓની ફાયનલ ઓફરો મેળવેલ હતી. જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | કામની વિગત | પ્લાનીંગ સોલ્યુશનની આવેલ ફાઈનલ ઓફર | સેકોન પ્રા. લી. ની આવેલ ફાઈનલ ઓફર | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | વુડા ધ્વારા હાથ ધરવામાં આવનાર રૂા.૧૦૦/- કરોડ કે તેથી ઉપરના કામ માટે સર્વે કામથી ટેન્ડરના ઈવેલ્યુએશન સુધીની કરવાની થતી સઘળી કામગીરી | ૦.૧૯% ફાઈનલ પ્રાજેકટ કોસ્ટના | ૦.૧૯% ફાઈનલ પ્રાજેકટ કોસ્ટના | |
| ૨ | વુડા ધ્વારા હાથ ધરવામાં આવનાર રૂા.૫૧/- થી ૯૯.૯૯ કરોડ સુધીના કામ માટે સર્વે કામથી ટેન્ડરના ઈવેલ્યુએશન સુધીની કરવાની થતી સઘળી કામગીરી | ૦.૩૦% ફાઈનલ પ્રાજેકટ કોસ્ટના | ૦.૩૦% ફાઈનલ પ્રાજેકટ કોસ્ટના | |
| ૩ | વુડા ધ્વારા હાથ ધરવામાં આવનાર રૂા.૧૦/- થી ૫૦/- કરોડ સુધીના કામ માટે સર્વે કામથી ટેન્ડરના ઈવેલ્યુએશન સુધીની કરવાની થતી સઘળી કામગીરી | ૦.૬૦% ફાઈનલ પ્રાજેકટ કોસ્ટના | ૦.૬૦% ફાઈનલ પ્રાજેકટ કોસ્ટના | |
| ૪ | વુડા ધ્વારા હાથ ધરવામાં આવનાર રૂા.૧૦/- કરોડ સુધીના કામ માટે સર્વે કામથી ટેન્ડરના ઈવેલ્યુએશન સુધીની કરવાની થતી સઘળી કામગીરી | ૧.૦% ફાઈનલ પ્રાજેકટ કોસ્ટના | ૧.૦% ફાઈનલ પ્રાજેકટ કોસ્ટના | |

ઉપરોકત વિગતે વુડા ધ્વારા ભવિષ્યમાં કરવામાં આવના રીંગ રોડના કામો, ટી.પી. સ્કીમોના કામો તથા અન્ય કામો માટે સાઈટના સર્વે કામથી લઈ ટેન્ડર બનાવવાની કામગીરી તથા આવેલ ટેન્ડર ઓફરોનુ ઈવેલ્યુએશન કરવા સુધીની કામગીરી કરાવવા માટે ઉપરોકત વિગતો મુજબ (૧) પ્લાનીંગ સોલ્યુશન, વડોદરા તથા (૨) સેકોન પ્રા.લી., વડોદરા એમ બે કન્સલટન્ટોની પેનલ બનાવી તેઓ ધ્વારા નેગોસીએશન બાદ આપવામાં આવેલ ઓફર ભાવે કરવા તથા પ્રોજેકટોના સુપરવીઝન માટે અલગ એજન્સીની નીમણુંક કરવા અંગે ફરીથી ઓફરો મંગાવવા બાબતનો મુદ્દો વુડા બોર્ડ ના સર્વે સભ્યો સમક્ષ રજુ કરાતા નીચે મુજબ ચર્ચા વિચારણા કરવામાં આવી.

<u>ચર્ચા વિચારણા</u> : વુડા વિસ્તારમાં વુડા ધ્વારા રીંગ રોડ જેવા મોટા પ્રોજેકટો હાથ ધરવાનુ આયોજન કરેલ છે. તે જોતા યોગ્ય કન્સલટન્ટો આવે તથા પારદર્શક કામ થાય તે જરૂરી હોવાથી જો એકજ કન્સલટન્ટને સાઈટ સર્વેથી લઈને સુપરવીઝન સુધીની કામગીરી સોંપવાની જગ્યાએ જો સાઈટ સર્વેની કામગીરી, સુપરવીઝન અંગેની કામગીરી તથા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન એમ ત્રણ ભાગ કરી ત્રણેવ ભાગ માટે અલગ - અલગ કન્સલટન્ટો નિમવા જોઈએ તે મુજબનુ સુચન થયુ. આ ઉપરાંત રીંગ રોડ જેવા મોટા પ્રોજેકટો સાથે ટી.પી. સ્કીમના નાના પ્રોજેકટો પણ હાથ ધરવામાં આવનાર છે. જેના ભાવો મોટા પ્રોજેકટની સરખામણીમાં વધુ વેરીએશન આવેલ છે. આ સમગ્ર બાબત જોતા નવેસરથી ટેન્ડર ઓફર બનાવી તેને સીટી. એંન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન પાસે મંજુર કરાવી નવેસરથી જાહેરાત આપવી તેવુ સુચન ચર્ચા વિચારણાને અંતે થયેલ હતુ. જે અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>**ઠરાવ ક્રમાંક (૨૦૫૦)**</u>: વુડા વિસ્તારમાં કરવાના થના પ્રોજેકટો માટે કન્સલટન્સી એજન્સી અર્થે આવેલ તમામ ઓફરો રદ કરી, નવેસરથી સાઈટ સર્વેના કામ માટે, કામના સુપરવીઝન માટે તથા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન માટે અલગ - અલગ ઓફરો નાના તથા મોટા પ્રોજેકટો માટે મંગાવવા માટે ટેન્ડર ઓફરો બનાવી તેને સીટી. એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન અને સભ્યશ્રી વુડા બોર્ડ પાસે મંજુરી મેળવી ત્યારબાદ નવેસરથી ઓફરો મંગાવવાનુ સર્વાનુ મતે નકકી કરવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર.(૫) : મુસધ્દારૂપ નગર રચના યોજના ખાનપુર-સેવાસી નં.૧ માટેની કામચલાઉ પુનઃરચના મુજબની દરખાસ્તો અન્વયે રસ્તા અને વુડાના જાહેરહેતુ માટે ફાળવેલ અંતિમખંડો બાબતે અભિપ્રાય આપવા બાબત.

નગર રચના અધિકારીશ્રી, વી.એમ.સી. એકમ-૧ વડોદરાએ તા.૧૮/૦૨/૨૦૧૧ ના પત્ર નં.નરયો/ખાનપુર-સેવાસી નં.૧/પરામર્શ/૯૬ દ્વારા મુસધ્દારૂપ નગર રચના યોજના ખાનપુર-સેવાસી નં.૧ ની યોજના માટેની કામચલાઉ પુન : રચના યોજના મુજબની દરખાસ્તો અન્વયે પરામર્શ માંગેલ છે. જેમાં મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય ગાંધીનગર તા.૦૨/૦૪/૨૦૦૭ ના પત્ર નં.નરયો/ખાનપુર-સેવાસી નં.૧/કા.પુ/દ.ગુ./૧૫૯૧ થી પરામર્શ આપવામાં આવેલ છે. તથા અત્રેથી તા.૦૯/૦૬/૨૦૦૮ ના પત્રથી વુડા બોર્ડ બેઠક-૨૦૦ ના ઠરાવ ક્રમાક : ૧૯૧૨ અન્વયે પરામર્શ આપેલ હતો. જે પરામર્શ અન્વયે અત્રેથી દર્શાવેલ સુધારાઓ પરત્વે જરૂરી ફેરફાર કરી કામચલાઉ પુન : રચના કરી વુડાને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડો અને સુચિત રસ્તા બાબતે અત્રેનો પરામર્શ/અભિપ્રાય ઠરાવ સ્વરૂપમાં આપવા સારૂ નકશા પાઠવેલ છે. નગર રચના યોજના ખાનપુર-સેવાસી નં.૧ માં નગર રચના અધિકારીશ્રીએ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને ફાળવેલ જાહેર હેતુને ઉપયોગી પ્લોટોની દરખાસ્ત સંદર્ભ જમીનોની ફાળવણી અન્વયે મુસધ્દારૂપ નગર રચના યોજનાની સ્થિતિ અને પુન : રચના મુજબના આયોજન હેઠળ ફાળવેલ જમીનોના ક્ષેત્રફળના તુલનાત્મક પત્રકની વિગતો વુડા બોર્ડના સભ્યશ્રીઓએ ધ્યાને લઇ વિસ્તૃત ચર્ચા-વિચારણામાં ચેરમેનશ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે મુસધ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તોમાં દર્શાવેલ રહેણાંક હેતુ માટેના વાણિજય હેતુ માટે વેચાણપાત્ર પ્લોટોમાં દર્શાવેલ ક્ષેત્રફળ કરતા કામચલાઉ દરખાસ્તોમાં ક્ષેત્રફળમાં ઘટાડો થયેલ હોવાનુ વુડા બોર્ડ દ્વારા નોંધ લેવામાં આવી જેમાં હયાત વોટરબોડીને અગાઉ ફાઇનલ પ્લોટ તરીકે દર્શાવેલ હોઇ ,હવે વોટરબોડી તરીકે દર્શાવવાથી આ ઘટાડો થયેલ હોવાની બોર્ડ ધ્વારા તારણ નીકળતા, કોમ્યુનીટી હોલ માટે ફાળવેલ ફાઇનલ પ્લોટને સ્થાનિક વાણિજય વેચાણ માટે તબદીલ કરવા સર્વે બોર્ડ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું. વધુમાં વાણિજય હેતુ માટે વેચાણપાત્ર દર્શાવેલ તમામ ફાઇનલ પ્લોટોને સ્થાનિક વાણિજય વેચાણ માટે દર્શાવવા માટે સર્વે બોર્ડ સભ્યશ્રીઓનું મંતવ્ય હતું જે મુજબ આયોજન કરી યોજના અંતિમ કરવા પરામર્શ પાઠવવા સર્વે સભ્યશ્રીઓની સર્વ સંમતી હતી.

ઠરાવ ક્રમાંક (૨૦૫૧):: મુસધ્દારૂપ નગર રચના યોજના ખાનપુર – સેવાસી નં. ૧ માટેની કામચલાઉ પુનઃ રચના મુજબની દરખાસ્તો અન્વયે રસ્તા અને વુડાના જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમ ખંડો પરત્વે (૧) કોમ્યુનીટી હોલ માટે ફાળવેલ અંતિમખંડને સ્થાનિક વાણિજય વેચાણ માટેના પ્લોટ તરીકે તબદીલ કરવા (૨) વાણિજય હેતુ માટે વેચાણપાત્ર દર્શાવેલ પ્લોટોને સ્થાનિક વાણિજય વેચાણ માટે પ્લોટો તરીકે દર્શાવવા. (૩) સદર યોજનાની ઉત્તરે નગર રચના યોજના ખાનપુર અંકોડીયા નં.૨ અને દક્ષિણે નગર રચના યોજના સેવાસી નં. ૧ ની પ્રારંભિક યોજના મંજુર થયેલ હોય સંયુકત રસ્તાની પહોળાઇ અને લાગુ રસ્તા તથા કેનાલની હદો મેળવવી અને (૪) યોજનાની પૂર્વે તથા અંતિમખંડ નં. ૧૨૪ ની નજીક ૭.૫૦ મીટરના બે ટી.પી. રસ્તાની કન્ટીન્યુટી જાળવવી તથા પ્રવર્તમાન જીડીસીઆરની જોગવાઇ મુજબ ઓછામાં ઓછા ૭.૫ મીટરના પહોળાઇના રસ્તાનું આયોજન દર્શાવી યોજના અંતિમ કરવા પરામર્શ પાઠવવા ઠરાવવમાં આવ્યું

**અધ્યક્ષ સ્થાને થી**

**મુદદા નંબર. : (૧ ) મોજે આમલીયારા તા.વડોદરાના બ્લોક નં.૧૭૪ની બાકી રહેતી ૧૫૯૮૫ ચો.મી. વાળી જમીન અન્વયે હાઈકોર્ટમાં થયેલ પીટીશન બાબત.**

વુડાની વિકાસ યોજનામાં ટ્રાન્સપોર્ટનગર માટે અનામત રાખેલ મોજે હરણી, આમલીયારા તથા કોટાલીની કુલ- હે.આરે પ્રતિ ૫૯-૮૬-૧૭. જમીન ટ્રાન્સપોર્ટનગર માટે સંપાદન કરવામાં આવેલ છે.

મોજે આમલીયારાની ટ્રાન્સપોર્ટનગર માટે અનામત રાખેલ કુલ- હે.આરે.પ્રતિ ૨૫-૯૯-૯૩ ચો.મી. જમીનો સંપાદન કરવામાં આવેલ છે. વુડાનાં વકીલશ્રી મુન્સોએ આમલીયારાના બ્લોક નં. ૧૭૪ ની જમીન અંગે ટેલીફોનીક વિગત આપી જણાવેલ છે કે અરજદારે હાઈ કોર્ટમાં પીટીશન કરેલ છે. પીટીશનનો મુખ્ય મુદદો અરજદાર ધ્વારા તા.૧૯-૧૦-૨૦૧૦ ના રોજ વુડામાં કરેલ રજુઆત અન્વયે ૧-માસમાં નિર્ણય કરવા અંગે છે.(અરજદારની અરજીની નકલ સામેલ છે.) અરજદારે કરેલ રજુઆત વાળી બ્લોક નં.૧૭૪ ની પુરેપુરી જમીન સંપાદન કરી તા.૨૫-૦૪-૨૦૦૦ ના રોજ કબજો સંભાળવામાં આવેલ છે. ડીઆઈએલઆર માંથી લીધેલ વિગત મુજબ બ્લોક નં.૧૭૪ એકત્રીકરણ નો અમલ થતા હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ જમીનનો બ્લોક બનાવેલ હતો જેથી તે બ્લોક ની આટલી જ જમીનનું ચુકવણું કરવામાં આવેલ છે. (જેનો એકત્રીકરણ તખ્તાની નકલ સામેલ રાખેલ છે.) ત્યારબાદ એકત્રીકરણમાં વેરીયેશન દુરસ્તી પત્રક નં. ૧૬ તા. ૨૬-૦૭-૨૦૦૦ થી સદરહું બ્લોક નં.ના ક્ષેત્રફળમાં સુધારો થતા હે.આરે. પ્રતિ ૦૧-૯૩-૨૪ જરા + હે.આરે.પ્રતિ ૦૦-૦૮-૦૯ કયારી મળી કુલ હે.આરે. પ્રતિ ૨-૦૧-૩૩ જમીન થયેલ છે.

એકત્રીકરણ વખતે થયેલ ભુલ અને ત્યારબાદ થયેલ સુધારા અન્વયે જે તે સમયે વુડાને કોઈપણ જાતની જાણ કરવામાં આવેલ નથી મામલતદાર કચેરીમાં થી ૭ × ૧૨ ની નકલ મુજબ બ્લોક નં.૧૭૪ પૈકી ૧ નું ક્ષેત્રફળ હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ વુડાના નામે દર્શાવેલ છે તથા બ્લોક નં.૧૭૪/૧ નું ક્ષેત્રફળ હે.આરે.પ્રતિ ૦૧-૫૯-૮૫ શ્રી દફતરી દિલીપકુમાર જગમોહનદાસ ના નામે દર્શાવેલ છે.અને બીજા હકક માં શહેરી વિકાસ સત્તામંડળ ના નામે હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ જમીન દર્શાવેલ છે. આમ બ્લોક નં. ૧૭૪ પૈકી ૧ ની હે.આરે. પ્રતિ ૦-૪૧-૪૮ ક્ષેત્રફળ વાળી જમીનનું વુડાએ ચુકવણું કરેલ છે. એકત્રીકરણની ભુલના કારણે હે.આરે. પ્રતિ ૦૧-૫૯-૮૫ જમીન જે તે સમયે સંપાદન કરેલ બ્લોકમાં ઓછી દર્શાવેલ હોઈ જેથી તેનું ચુકવણું કરવાનું રહી ગયેલ છે.

અરજદારશ્રી ધ્વારા તેઓની રજુઆત મુજબ તેઓની જમીનમાંથી ટ્રાન્સપોર્ટનગરનો ઝોન સુધારી જમીનને મુળ સ્થિતિમાં લાવી મુકત કરવા વિનંતી કરેલછે. હાઈકોર્ટધ્વારા તા.૧૬-૦૩-૨૦૧૧ ના રોજ સુનાવણી કરેલ હતી. ના.હાઈકોર્ટે આપેલ હુકમ મુજબ અરજદારની અરજી પરત્વે વુડા બોર્ડ ધ્વારા લેવાયેલ નિર્ણયની જાણ શ્રી દફતરીને કરવી. (વકીલશ્રી ના પત્રની નકલ સામેલ છે)

ટ્રાન્સપોર્ટનગર માટે સંપાદન કરેલ જમીનનો નકશો જોતાં આ જમીન સુચિત બનનાર ટ્રાન્સપોર્ટ નગર ની વચ્ચે આવે છે તેમજ ટ્રાન્સપોર્ટનગરના આયોજનની કામગીરી GIDB ધ્વારા થઈ રહેલ છે.આ તમામ બાબતો તથા આ બાબતે ના.હાઈકોર્ટે આપેલ હુકમ મુજબ નિર્ણય લેવા બોર્ડ સમક્ષ મુદદો રજુ કરવામાં આવતા સર્વ સભ્યશ્રીઓ ધ્વારા વુડાએ ખરેખર પુરા બ્લોકની જમીન સંપાદન કરેલ છે.અરજદારે બદઈરાદા થી પોતાની જમીનના ક્ષેત્રફળની બાબત છુપાવેલ છે. આ બાબતે તેઓએ સને ૨૦૦૦ માં કરાવેલ સુધારાની જાણ પણ વુડાને કરેલ નથી.આમ અરજદારનો બદઈરાદો સ્પષ્ટ થાય છે આમ વુડાએ ખરેખર પુરા બ્લોકની જમીન સંપાદન કરેલ છે. પરંતુ ક્ષેત્રફળમાં જમીન સંપાદન થયા બાદ જણાઈ આવેલ વિસંગતતા પૂરતો

ક્ષેત્રફળના તફાવત ના ચુકવવાના થતા નાણાં બાબતે કલેકટરશ્રી ને જાણ કરવી  એવુ મંતવ્ય રજુ થતાં ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૫૨)</u>:** મોજે આમલીયારા તા.વડોદરાના બ્લોક નં.૧૭૪ની પુરી જમીન વુડાએ સંપાદન કરેલ છે. પરંતુ ક્ષેત્રફળમાં સંપાદન થયા બાદ જણાઈ આવેલ વિસંગતતા પરત્વે ક્ષેત્રફળના તફાવતની બાકી રહેતી ૧૫૯૮૫ ચો.મી જમીન ના વળતર ના તફાવત ની રકમ ના નાણાં ચુકવવા અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવા કલેકટરશ્રી ને જાણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તાઓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**